દિવ્ય ભાસ્કર

https://www.divyabhaskar.co.in/local/gujarat/ahmedabad/news/national-seminar-on-accreditation-of-outcome-based-education-more-than-65-institutions-participated-130197599.html?_branch_match_id=1051093382311104573&utm_campaign=130197599&utm_medium=sharing&_branch_referrer=H4sIAAAAAAAAA8soKSkottLXT8ksq0zUTdLLzNOPKnOpcDL0S6wqTgIA7XvJ%2Bh4AAAA%3D

# અમદાવાદના સમાચાર:અમદાવાદમાં રખડતાં પશુઓને લમ્પી વાઈરસનું વેકસીનેશન છતાં રોડ પર ફરતાં ઢોર પકડવામાં આવતા નથી

અમદાવાદ5 દિવસ પહેલા

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના સી.એન.સી.ડી વિભાગ દ્વારા શહેરમાંથી રખડતા પશુ પકડવાની કામગીરી કરવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાંથી પકડાયેલા પશુઓને દાણીલીમડા તથા બાકરોલ કેટલપોન્ડ(ઢોરડબ્બા)માં રાખવામાં આવે છે. બંને કેટલપોન્ડમાં કુલ 2611 જેટલા પશુઓ હાલમાં છે. તાજેતરમાં પશુઓમાં ફેલાયેલ લમ્પી રોગને લઇ કેટલપોન્ડમાં રહેલા તમામ પશુઓનું વેકસીનેશન કરવામાં આવ્યુંછે. શહેરમાંથી પકડાતા, રખડતા તથા બિમાર પશુઓનું વેકસીનેશન કર્યા બાદ જ તેમને કેટલપોન્ડમાં રાખવામાં આવે છે. વરસાદ બાદ શહેરમાં રખડતાં ઢોરોનો ત્રાસ વધ્યો છે. દરેક રોડ પર ઢોર જોવા મળે છે. ત્યારે ચાલુ ઓગસ્ટ મહિનામાં 13 દિવસમાં માત્ર 204 જ ઢોર પકડવામાં આવ્યા છે.

## ઢોરડબ્બામાં લમ્પીથી એકપણ પશુનું મોત થયું નથી

બિમાર પશુઓની સારવાર માટે દાણીલીમડા તથા બાકરોલ કેટલપોન્ડ (ઢોરડબ્બા) ખાતે પશુ સારવાર માટે વેટરનરી ડોકટર તથા પશુ સારવારની દવા, સાધન સામગ્રી પૂરતી ઉપલબ્ધ કરાવામાં આવીછે. સરકારની લમ્પી સ્કીન ડીસીઝ (LSD)ની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ઢોરડબ્બામાં લમ્પી સ્કીન ડીસીઝ(LSD)ના કારણે કોઇ પશુનું મરણ થયું નથી. વધુમાં તકેદારીના ભાગરૂપે રાજ્યસરકારના પશુપાલન ખાતા, જિલ્લા પંચાયત, અમદાવાદ તથા કામધેનુ યુનિવર્સિટીના પશુનિષ્ણાતો સાથે કોર્પોરેશન સતત સંપર્કમાં રહી કામગીરી કરી રહી છે.

**પરિણામ આધારિત શિક્ષણની માન્યતા પર યોજાયો રાષ્ટ્રીય સેમિનાર**

આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના અમદાવાદ ચેપ્ટરે EDI કેમ્પસમાં 17 ઓગસ્ટ 2022ના રોજ ઇન્ટર્નલ ક્વોલિટી એશ્યોરન્સ સેલનાં નેજાં હેઠળ 'ભારતમાં પરિણામ આધારિત શિક્ષણ અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની માન્યતા' પર એક રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કર્યું હતું. સેમિનારનો ઉદ્દેશ ગુણવત્તાયુક્ત શિક્ષણના એક મહત્વપૂર્ણ પાસાં અને માન્યતાના મૂલ્યાંકન માપદંડ તરીકે પરિણામ પર આધારિત શિક્ષણની ગતિશીલતાને સમજવાનો હતો.

સેમિનારના મુખ્ય અતિથિ તરીકે એનબીએના ચેરમેન પ્રોફેસર (ડોક્ટર) કે.કે. અગ્રવાલ અને ગેસ્ટ ઓફ ઑનર તરીકે ગાંધીનગરના કલેક્ટર અને મેજિસ્ટ્રેટ, આઇએએસ, ડો. કુલદીપ આર્યા ઉપસ્થિત રહ્યાં હતાં. સાલ એજ્યુકેશન કેમ્પસના ડિરેક્ટર અને ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીના બોર્ડના સભ્ય ડો. રુપેશ વસાણી પણ આ પ્રસંગે ઇડીઆઇઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા સાથે ઉપસ્થિત હતાં. સેમિનારમાં સમગ્ર ગુજરાતની 65થી વધારે સંસ્થાઓમાંથી આશરે 125 શિક્ષાવિદોની ભાગીદારી જોવા મળી હતી, જેમણે ગુણવત્તાયુક્ત શિક્ષણ અને પરિણામ આધારિત શિક્ષણના વિવિધ પાસાં પર ચર્ચાવિચારણા કરી હતી.

અહીં ઉપસ્થિત લોકોને એનબીએના ચેરમેન પ્રોફેસર (ડોક્ટર) કે કે અગ્રવાલે સંબોધન કરતાં કહ્યું હતું કે, "દેશ કોવિડ પછી ગતિશીલ પરિવર્તનોમાંથી પસાર થઈ રહ્યો છે અને આ કહેવું ઉચિત છે કે, કોવિડે દેશના વિકાસ માટે આવશ્યક શિક્ષકની કામગીરી અદા કરી છે. આપણે હજુ પણ પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યાં છીએ અને ગુણવત્તાયુક્ત શિક્ષણની દ્રષ્ટિએ હજુ પણ ઘણા પડકારોનો સામનો કરવાનો છે. પરિણામ આધારિત શિક્ષણ માટે કોઈ પણ વ્યક્તિને પાછળ નજર કરવાની અને વિદ્યાર્થીઓના લક્ષ્યાંકને પરિભાષિત કરવાની તથા પછી એના પર આધારિત માપદંડો નક્કી કરવાની જરૂર છે. મારા મત મુજબ, પરિણામ આધારિત શિક્ષણ એટલે વિદ્યાર્થી, શિક્ષક અને પછી સંસ્થાને સ્વાયતતા મળવી, જે પરિણામ આધારિત અભિગમના સફળ અમલ તરફ દોરી જશે.